**ફો.કેસ નં.૫૬૫૬/૨૦૨૦**

**:: આંક –૧ લગત હુકમ ::**

(૧) સદર કેસમાં તા.૧૩/૦૮/૨૦૨૦ ના રોજ ચાર્જશીટ રજુ થયેલ છે અને આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવામા આવેલ છે અને કામ આરોપીને સમન્સની બજવણી માટે રાખવામાં આવેલ. આરોપીને સમન્સ કરવામા આવેલ છે અને લાંબા સમયથી કાર્યવાહી આરોપીને પ્રોસેસ બજવણી કરવા પર છે પરંતુ આરોપીને પ્રોસેસ બજેલ નથી કે આરોપી અદાલતમા હાજર રહેલ નથી. આરોપી વિરૂધ્ધ દરેક મુદતે પ્રોસેસ ઈસ્યુ કરવામા આવેલ છે તેમ છતા પોલીસ તરફથી અસરકારક બજવણી થયેલ હોવાનુ રેકર્ડ પરથી જણાઈ આવતુ નથી જેથી પોલીસની ભુમીકા બજવણી બાબતે સક્રિય હોય તેવુ જણાતુ નથી. હાલનો કેસ સમંસ કેસ છે તેમજ પોલીસ ફરીયાદ પરથી દાખલ થયેલ છે, જેથી સંજોગો જોતા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૮ નો ઉપયોગ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય છે જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કેસનુ પ્રોસિડીંગ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૮ અન્વયે આથી સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી નં. ૨ ને સદરહુ કેસમાથી છોડી મુકવાનો (મુકત કરવાનો) આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :રાજકોટ.
તારીખ :૧૨/૧૧/૨૨

(શીતલ વેંકટેશન મુદલીયાર)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(મેઈન),રાજકોટ.
કોડ નં. જીજે ૦૧૨૧૭